ISO 9001 CERTIFIED COMPANY

Ref: MIL/BSE/2023
Date: 25.08.2023

To,
The Corporate Relations department
**Bombay Stock Exchange Limited**
Department of Corporate Services
P J Towers, Dalal Street, Fort,
MUMBAI 400001

**Re: Maximus International Limited**
**Script Code: 540401**

**Sub: Submission of publication of advertisement regarding 8th Annual General Meeting in the newspapers (Pre-dispatch)**

**Ref: Intimation under Regulation 30 and all other applicable regulations, if any, of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, as amended from time to time.**

---

Dear Sir/Madam,

Pursuant to Regulation 30 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, as amended from time to time, please find enclosed herewith copies of newspaper advertisement (pre-dispatch) published in Business Standard (English language newspaper having Nationwide Circulation) and Vadodara Samachar (Gujarati language newspaper) at Vadodara, Gujarat on Friday, 25th August, 2023 in compliance with Ministry of Corporate Affairs Circular No. 20/2020 dated May 5, 2020 and other circulars in this regard, latest being General Circular No. 10/2022 dated December 28, 2022, intimating that 8th Annual General Meeting (AGM) of Maximus International Limited (the Company) will be held on **Saturday, 30th day of September, 2023 at 02.30 P.M. (IST)** through Video Conferencing (VC) / Other Audio Visual Means (OAVM).

The above information is also available on the website of the Company at www.maximusinternational.in

Kindly take the same on your records.

Thanking you,

**Yours faithfully,**
**For Maximus International Limited**

DHARATI DARPAN BHAVSAR
Digitally signed by DHARATI DARPAN BHAVSAR
Date: 2023.08.25 14:27:23 +05'30'

_____________
Dharati Bhavsar
Company Secretary

Encl: As above

**MAXIMUS INTERNATIONAL LIMITED**
Regd. Off.: 504A, “OZONE”, Dr. Vikram Sarabhai Marg, Vadi-wadi, Vadodara -390003, Gujarat, INDIA
CIN: L51900GJ2015PLC085474 ● Phone: +91 265 2345321 ● E-mail: info@maximusinternational.in
Website: www@maximusinternational.in

## ચંદ્રયાન-૩ના સફળ ઊતરાણ સાથે ભારતનો ઈતિહાસ

# ચંદ્રયાન-૩ની સફળતામાં નાના શહેરથી આવેલા વૈજ્ઞાનિકોનું મોટું યોગદાન

નવી દિલ્હી, તા.૨૪

ભારતે ગઈકાલે અવકાશમાં નવો ઈતિહાસ રચ્યો હતો. ચંદ્રયાનના સફળ લેન્ડિંગમાં ઈસરોની વિશાળ ટીમે કામ કર્યું છે. દેશભરમાંથી ઘણા આશાસ્પદ વૈજ્ઞાનિકોને ટીમનો હિસ્સો હતા, જેઓ અલગ-અલગ જગ્યાના છે. આ ટીમોમાં યુપીના ઘણા વૈજ્ઞાનિકોએ પણ મહત્વની ભૂમિકા ભજવી છે. કોઈએ સાધનસામગ્રીની રચના કરી તો કોઈ ચંદ્રયાન પર દરેક ક્ષણે નજર રાખી રહ્યું હતું. મુરાદાબાદ, અલીગઢ અને બુદૌન જેવા નાના શહેરોમાંથી બહાર આવેલા આ વૈજ્ઞાનિકોએ ભારતની આ સફળતામાં મોટો ફાળો આપ્યો છે.

અલીગઢના પ્રિયાંશુ વાર્શ્રેય ઈસરોની મહત્વની ટીમનો ભાગ હતો, જે લેન્ડર અને રોવર પર કામ કરી રહ્યો હતો. એમ.ટેક (ઈલેક્ટ્રોનિક્સ)નો અભ્યાસ કરેલા પ્રિયાંશુના પિતા ડૉ. રાજીવ કુમાર વાર્શ્રેય એસવીકૉલેજમાં ભૂગોળ વિભાગમાં પ્રોફેસર છે. માતા મમતા ગુપ્તા પ્રાથમિક શાળામાં સહાયક શિક્ષિકા છે.

મિર્ઝાપુરના યુવા વૈજ્ઞાનિક આલોક કુમાર પાંડે પણ આ મિશનમાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. આલોક અને તેના સાથીઓએ લેન્ડિંગ અને મેસેજની જવાબદારી સંભાળી છે. પિતા સંતોષ પાંડેએ તેમના પુત્ર આલોક સાથેની ટેલિફોનિક વાતચીત વિશે જણાવ્યું કે તે સતત ત્રણ દિવસ સુધી ઈસરોના કમાન્ડ સેન્ટરમાં કામ કરતો રહ્યો હતો. ઈસરોમાં વરિષ્ઠ વૈજ્ઞાનિક તરીકે કામ કરી રહેલા આલોકને મંગળ મિશન ૨૦૧૪માં તેમની મહત્વપૂર્ણ ભૂમિકા માટે આઉટસ્ટેન્ડિંગ સાયન્ટિસ્ટ એવોર્ડ મળ્યો છે.

બદાયુંના ઉઝાનીના રહેવાસી સત્યપાલ અરોરાએ ચંદ્રયાન-૩ના લોન્ચ વ્હીકલના બીજા તબક્કાના લિક્વિડ પ્રોપલ્શનના હવાલામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. ઈસરોમાં વરિષ્ઠ વૈજ્ઞાનિક તરીકે કામ કરતા સત્યપાલે ૬૦ લોકોની ટીમ સાથે ચંદ્રયાનના બીજા તબક્કામાં લિક્વિડ પ્રોપલ્શનનું પરીક્ષણ અને વિશ્લેષણ પૂર્ણ કર્યું હતું.

મુરાદાબાદના કાંશીરામનગર ઈ-બ્લોકના રહેવાસી મેઘ ભટનાગર અને તેમની પત્ની ગૌતમી, ઓન-બોર્ડ સોફ્ટવેર વૈજ્ઞાનિકો તરીકે આ મિશનમાં સામેલ હતા, જ્યારે ખુશહાલ નગરના રહેવાસી વૈજ્ઞાનિક રજત પ્રતાપ સિંહે પણ ચંદ્રયાન ૩ મિશનમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. મેઘ અગાઉ ચંદ્રયાન-૨ સાથે સંકળાયેલો હતો. રજત ઈસરોની પસંદગી પરીક્ષણમાં ઓલ ઈન્ડિયા ટોપર રહ્યો છે.

પ્રતાપગઢના રવિ કેસરવાણી ચંદ્રયાન-૩ મિશનની ટીમમાં છે, જેણે શેપ (હેબિટેબલ પ્લેનેટરી અર્થની સ્પેક્ટ્રો પોલરોમેટ્રી) નામનું એક ખાસ સાધન બનાવ્યું છે. તે પૃથ્વી પરથી ચંદ્ર પર મોકલવામાં આવતા સિગ્નલનો અભ્યાસ કરશે. રવિ ૨૦૧૬માં ઈસરોમાં જોડાયા હતા. તેમની નિમણૂક ૨૦૧૯માં વૈજ્ઞાનિક તકનીકી અધિકારી-સીના પદ પર કરવામાં આવી હતી.

ચંદ્રયાન-૩નું ચંદ્ર પર સફળ લેન્ડિંગ થઈ ગયું છે, આ દેશવાસીઓ અને ઈસરોની આખી ટીમની સફળતા છે... આ શબ્દો છે આરુષિ શેઠના હતા. આ સાંભળીને માત્ર દેશ જ નહીં વિદેશમાં રહેતા ભારતીયો પણ ઉત્સાહિત થઈ ગયા. અંબાલાની પુત્રવધૂ આરુષિ સેઠ ઈસરોમાં સ્પેસ સાયન્ટિસ્ટ છે અને ચંદ્રયાન-૩માં વિક્રમ લેન્ડર કંટ્રોલ યુનિટમાં કામ કરે છે. જ્યારે ગઈકાલે ચંદ્રયાન-૩ના લેન્ડિંગ માટે કાઉન્ટ ડાઉન શરૂ થયું ત્યારે ઈસરોવતી આરુષિ સેઠ જ દેશને આ કાર્યક્રમ વિશે જણાવી રહ્યા હતા. ચંદ્રયાન-૩ની સફળતા સાથે હરિયાણાની પ્રતિષ્ઠા પણ વધી છે. આરુષિ ઉપરાંત ભિવાનીના બડસી જાટાન ગામના દેવેશ ઓલા અને હિસારના યશ મલિકે પણ મહત્વનું યોગદાન આપ્યું છે.

## ભારત ચંદ્રના દક્ષિણ ધ્રુવ સુધી પહોંચનારો પ્રથમ દેશ

# ઈસરોની લાઇવ સ્ટ્રીમિંગ લિંકે પણ યુટ્યૂબ પર ઇતિહાસ રચ્યો

નવી દિલ્હી, તા.૨૪

ભારતે ફરી એકવાર ઈતિહાસ રચ્યો છે. ભારતના ચંદ્રયાન-૩એ ગઈકાલે સાંજે ચંદ્ર પર સફળ લેન્ડિંગ કર્યું હતું. આ સાથે ભારત ચંદ્રના દક્ષિણ ધ્રુવ સુધી પહોંચનારો વિશ્વનો પ્રથમ દેશ બન્યો છે. આ ઉપરાંત ઈસરોની લાઈવ સ્ટ્રીમિંગ લિંકે પણ યુટ્યૂબપર ઈતિહાસ રચ્યો હતો. ચંદ્રયાન-૩ના લેન્ડિંગનું લાઈવ સ્ટ્રીમિંગ એકસાથે ૮.૦૬ મિલિયન લોકોએ નિહાળ્યું હતું, જેણે યુટ્યુબના ઈતિહાસના તમામ રેકોર્ડ તોડી નાખ્યા હતા.

યુટ્યુબ પર અત્યાર સુધી બ્રાઝિલ અને દક્ષિણ કોરિયા વચ્ચેની ફૂટબોલ મેચનું લાઈવ સ્ટ્રીમિંગ એક સાથે ૬.૧૫ મિલિયન લોકોએ જોયું હતું, જેને ગઈકાલે ચંદ્રયાન-૩ના લાઈવ સ્ટ્રીમિંગથી માત આપવામાં આવી હતી. આ ઉપરાંત ત્રીજા નંબર પર બ્રાઝિલ અને ક્રોએશિયા વચ્ચેની ફૂટબોલ મેચ છે, જેને એક સાથે ૫.૨ મિલિયન લોકોએ નિહાળી હતી.

યૂટ્યુબપર અત્યાર સુધી સૌથી વધુ જોવાયેલ લાઈવ સ્ટ્રીમિંગ

ઈસરોચંદ્રયાન-૩ : ૮.૦૬ મિલિયન

બ્રાઝિલ વિદક્ષિણ કોરિયા : ૬.૧૫ મિલિયન

બ્રાઝિલ વિક્રોએશિયા: ૫.૨ મિલિયન

વાસ્કો વિફ્લેમેન્ગો : ૪.૮ મિલિયન

સ્પેસએક્સક્રૂ ડેમો : ૪.૦૮ મિલિયન

બીટીએસબટર: ૩.૭૫ મિલિયન

સફરજન : ૩.૬૯ મિલિયન

જોની ડેપ વિએમ્બર: ૩.૫૫ મિલિયન

ફ્લુમિનેન્સ વિફ્લેમેન્ગો : ૩.૫૩ મિલિયન

કેરિયોકા ચેમ્પિયન, ફાઈનલ: ૩.૨૫ મિલિયન

ઈસરોની ઓફિશિયલ યુટ્યુબ ચેનલ પર ચંદ્રયાન-૩ના લેન્ડિંગ પહેલા સબસ્ક્રાઈબર્સની સંખ્યા ૨૬ લાખ હતી, જે હવે સફળ લેન્ડિંગ બાદ વધીને ૩૫ લાખ થઈ ગઈ છે. લેન્ડિંગનું લાઈવ ટેલિકાસ્ટ લગભગ એક કલાક અને ૧૧ મિનિટ સુધી ચાલ્યું હતું અને ઈસરોએ માત્ર એક કલાકમાં ૯ લાખ સબસ્ક્રાઈબર્સ મેળવ્યા હતા. ઈસરોનું જીવંત પ્રસારણ એકસાથે જોનારા સબસ્ક્રાઈબર્સની સંખ્યા કરતાં ત્રણ ગણા વધુ લોકોએ એક સાથે જોયું હતું.

ઈસરોની યુટ્યુબ ચેનલના ૨૬ લાખ સબ્સ્ક્રાઈબર્સ છે, પરંતુ માત્ર ૯ મિનિટમાં જ ૨૯ લાખ લોકો ચંદ્રયાન-૩નું લાઈવ લેન્ડિંગ જોવા માટે ચેનલ સાથે જોડાયા હતા.

૧૩ મિનિટમાં લાઈવ બ્રોડકાસ્ટ જોવા માટે ૩૩ લાખ લોકોએ ટ્યુન કર્યું હતું.

૧૭મી મિનિટમાં લગભગ ૪૦ લાખ લોકો લાઈવમાં જોડાયા હતા.૩૧ મિનિટ પછી ૫૩ લાખથી વધુ લોકો ઈસરોની યુટ્યુબ ચેનલ પર લાઈવ જોડાયા હતા.

## સ્વદેશી બનાવટના હળવા લડાકૂ વિમાન

# હવામાંથી હવામાં પ્રહાર કરતી અસ્ત્ર મિસાઈલનું સફળ પરીક્ષણ

ગોવા, તા.૨૪

દેશમાં જ નિર્મિત હળવા લડાકૂ વિમાન (એલસીએ) એલએસપી-૭ તેજસે બુધવારે ગોવાના કિનારેથી હવામાંથી હવામાં પ્રહાર કરતી અસ્ત્ર મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું.

અધિકારીઓએ કહ્યું કે આશરે ૨૦,૦૦૦ ફૂટની ઊંચાઈએ વિમાન દ્વારા મિસાઈલનું સફળ પરીક્ષણ કરાયું હતું. ગોવાના દરિયા કિનારે સ્વદેશી બિયોન્ડ વિઝ્યુઅલ રેન્જ(બીવીઆર), હવામાંથી હવામાં જ પ્રહાર કરતી મિસાઈલ અસ્ત્રનું સફળ પરીક્ષણ કરાયું હતું.

પરીક્ષણ સંબંધિત તમામ ઉદ્દેશ્યો પૂરાં થયા હતા અને આ એક આદર્શ તથા સચોટ લોન્ચિંગ રહ્યું હતું. આ વિમાનનું નિરીક્ષણ તેજસ ટ્વિન સીટર વિમાન દ્વારા કરાયું હતું. અસ્ત્ર એક અત્યાધુનિક બીવીઆર હવાથી હવામાં પ્રહાર કરતી મિસાઈલ છે જે અત્યાધિક કલાબાજીવાળા સુપરસોનિક હવાઈ લક્ષ્યોને ભેદવા અને નષ્ટ કરવામાં સક્ષમ છે.

આ મિસાઈલ ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ લેબોરેટરી (ડીઆરડીએલ), રિસર્ચ સેન્ટર ઈમારત (આરસીઆઈ) અને અન્ય પ્રયોગશાળાઓ દ્વારા ડિઝાઈન તથા વિકસિત કરાઈ છે.

## મુખ્યમંત્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલી કેબિનેટ બેઠકમાં નિર્ણય

# ડિપ્લોમા ટૂ ડીગ્રી માટે કોમન એન્ટ્રન્સ ટેસ્ટ લેવામાં આવશે

ગાંધીનગર, તા.૨૪

રાજ્યમાં હવેથી ડિપ્લોમાં ટુ ડિગ્રી(ડીટૂડી)માં પ્રવેશ મેળવવા માટે કોમન એન્ટ્રેસ ટેસ્ટ લેવાનું રાજ્ય સરકારે કર્યું છે.

ગાંધીનગર ખાતે ગઈકાલે મુખ્યમંત્રીની અધ્યક્ષ સ્થાને યોજાયેલી કેબિનેટ બેઠકમાં આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ અંગેની જાહેરાત રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલ દ્વારા કરવામાં આવી હતી.

મંત્રી ઋષિકેશ પટેલ જણાવ્યું હતું કે રાજ્યમાં ડિપ્લોમા ટુ ડિગ્રી (ડીટૂડી)માં પ્રવેશ મેળવવા માટે કોમન એન્ટ્રસ ટેસ્ટ લેવાનું નક્કી કરાયું છે. વધુમાં જણવાતા કહ્યું હતું કે પ્રવેશ સમિતિ માટે બેઠકોની ફાળવણી અને વિવિધ બોર્ડનું મેરિટ લિસ્ટ તૈયાર કરવામાં જટીલતા રહેતી હતી. આ તમામ યુનિવર્સિટીની પરીક્ષાઓમાં એકસૂત્રતા લઈને એક મેરિટમાં લાવવું શક્ય ન હતું. આ વિસંગતતા, અસ્પષ્ટતા, અસંતોષ ટાળવા માટે અને તમામ અરજદાર વિદ્યાર્થીઓને એકસમાન મંચ પર લાવીને ડિપ્લોમા બાદ ડિગ્રીના બીજા વર્ષમાં લેટરલ એન્ટ્રી એડમિશન માટે કોમન એન્ટ્રસ ટેસ્ટ પ્રવેશ પરીક્ષા પ્રવેશ વર્ષ ૨૦૨૪થી લેવાનું રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવ્યું છે.

## આફ્રિકન દેશમાં કટ્ટરવાદીઓનો આતંક જારી

# નાઈજીરિયામાં કટ્ટરવાદીઓએ ૪૨ મહિલાઓનું અપહરણ કર્યું

બોનો, તા.૨૪

આફ્રિકન દેશ નાઈજીરિયામાં કટ્ટરવાદી સંગઠનો છાશવારે આતક મચાવતા રહે છે. હવે નાઈજીરિયાના બોર્નો નામના રાજ્યમાં કટ્ટરવાદીઓએ હુમલો કરીને ૪૨ મહિલાઓનુ અપહરણ કરીને હાહાકાર મચાવી દીધો છે. સ્થાનિક લોકોએ મીડિયાને આ જાણકારી આપતા કહ્યુ હતુ કે, આ મહિલાઓ ગ્રામ્ય વિસ્તારમાં લાકડા ભેગા કરી રહી ત્યારે કટ્ટરવાદીઓએ હુમલો કર્યો હતો. આ સ્થળ આતંકી સંગઠન બોકો હરામનો ગઢ મનાય છે. જે છેલ્લા ૨૪ વર્ષથી નાઈજીરિયાના અમુક વિસ્તારમાં સક્રિય છે. જેમનુ અપહરણ કરાયુ છે તે મહિલાઓ રાહત છાવણીમાં રહે છે અને લાકડા વેચીને પોતાનુ ગુજરાન ચલાવે છે. સ્થાનિક વહિવટીતંત્રનુ કહેવુ છે કે, મંગળવારે બનેલી ઘટનાની જાણકારી બુધવારે મોડી રાત્રે મળી હતી.

આ મહિલાઓ હજી પણ કટ્ટરવાદીઓના કબ્જામાં છે. દરેક મહિલાને છોડવા માટે તેમણે ૫૦૦૦૦ નાયરા (નાઈજીરિયન ચલણ)ની માંગણી કરી છે. સ્થાનિક લોકો મહિલાઓને છોડાવવા માટે વાતચીત કરી રહ્યા છે.

## દક્ષિણ કેલિફોર્નિયાના ટ્રેબુકો કેન્યન શહેરની ઘટના

# યુએસના કેન્યન શહેરમાં ગોળીબારમાં પાંચનાં મોત, અન્યોની હાલત ગંભીર

કેલિફોર્નિયા, તા.૨૪

અમેરિકાના દક્ષિણ કેલિફોર્નિયાના ટ્રેબુકો કેન્યન શહેરમાં ગોળીબારની ઘટના સામે આવી છે. આ ઘટનામાં ૧૦ લોકોને ગોળી વાગી હતી. જેમાં ૫ લોકો મૃત્યુ પામ્યાના અહેવાલ મળી રહ્યા છે. જેમાં અન્યોની હાલત ગંભીર જણાવાઈ રહી છે.

માહિતી અનુસાર બાઈકર બાર નામની એક જગ્યાએ હુમલાખોરે ગોળીબાર કર્યો હતો. અંધાધૂંધ ગોળીબારમાં અનેક લોકોને ગોળીઓ વાગી ગઈ હતી. બાઈકર બાર બાઈક રાઈડર્સ માટે મનોરંજનનું કેન્દ્ર છે.

ઓરેન્જ કાઉન્ટીના પોલીસ અધિકારીને ઘટનાની માહિતી મળતાં જ તે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ઘટનાસ્થળે પહોંચતા જ પોલીસે હુમલાખોરને નિશાને લીધો અને તેની ઠાર મરાયો હતો. ઘટનાસ્થળે મોટી સંખ્યામાં પોલીસ અધિકારીઓ આવી પહોંચ્યા હતા. આ ઘટનામાં કોઈ અધિકારીને ઈજા થઈ નહોતી. લોકોને ઘટનાસ્થળથી હાલ દૂર રહેવા અપીલ કરાઈ છે.

ઘટનાસ્થળે હાજર એક વ્યક્તિએ કહ્યું કે હુમલાખોર બંદૂકધારી માર્યો ગયો છે તે એક સેવાનિવૃત્ત કાયદાનું અમલ કરતી એજન્સીનો અધિકારી હતો અને કદાચ કોઈ ઓળખીતાને નિશાન બનાવી રહ્યો હતો.

## સરકારે સ્વીકારેલી માગણીનો ૧૮ માસથી અમલ નથી કર્યો

# કોન્ટ્રાક્ટરોના ટેન્ડર બહિષ્કારથી રાજ્યના વિકાસકામો ખોરંભે ચઢ્યા

અમદાવાદ, તા.૨૪

ગુજરાત કોન્ટ્રાક્ટર્સ એસોસિએશનની સરકારએ માર્ચ ૨૦૨૨માં સ્વીકારેલ માંગણીઓનું અમલીકરણ છેલ્લા ૧૮ માસથી કરવામાં આવતું ના હોવાથી ગુજરાતના તમામ કોન્ટ્રાક્ટરોએ પહેલી ઓગસ્ટથી અચોક્કસ મુદત સુધી ગુજરાત રાજ્યના તમામ વિભાગોના ટેન્ડરો નહિ ભરવાનો નિર્ણય કર્યો છે, અને આ નિર્ણયનો ચુસ્ત અમલ ગુજરાત કોન્ટ્રાક્ટર્સ એસોસિએશનના તમામ કોન્ટ્રાકટરો દ્વારા કરવામાં આવ્યો છે. આ અંગે છેલ્લા એક મહિનામાં બે વાર લેખિત રજુઆતો ૨૫ જુલાઈ અને ૧૩ ઓગસ્ટના રોજ મુખ્યમંત્રી તથા સંબંધિત સચિવો સમક્ષ કરવામાં આવી છે, અને રાજ્યના જુદા-જુદા જીલ્લાના સ્થાનિક કલેકટરોને પણ આ અંગે આવેદનપત્રો આપવામાં આવ્યા છે. તેમ છતાં આજદિન સુધી સરકાર તરફથી કોઈપણ પ્રકારનો સકારાત્મક પ્રતિભાવ સાંપડ્યો નથી.



આધારભૂત માહિતી અનુસાર હાલમાં ગુજરાત રાજ્યના અંદાજે રુપિયા ૮૦૦૦ કરોડના ૨૪૦૦ કામોના ટેન્ડરોની જાહેરાતના તબક્કે છે. જે ગુજરાત રાજ્યના કોન્ટ્રાકટરો દ્વારા ટેન્ડર નહિ ભરવાના નિર્ણયને કારણે સમગ્ર રાજ્યના વિકાસલક્ષી કામો ખોરંભે પડેલ છે. ગુજરાત કોન્ટ્રાકટર્સ એસોસિએશનની વારંવારની સરકાર સમક્ષ રજૂઆતો કરવા છતાં આ અંગે સરકાર એસોસિએશનની વ્યાજબી માંગણીઓના અમલીકરણ બાબતે સંવેદનશીલ જણાતી નથી.ગુજરાત કોન્ટ્રાકટર્સ એસોસીએશન જણાવે છે કે, સરકાર તરફથી અમારા પ્રતિનિધિઓ સાથે રૂબરૂ ચર્ચા કરી અમલીકરણ બાબતે કોઈ હકારાત્મક પગલાં લેવામાં આવ્યા નથી. તેથી એસોસીએશન દ્વારા ટૂંકસમયમાં તમામ કોન્ટ્રાકટર ભાઈઓની એક મીટીંગ બોલાવવાનું આયોજન કરવામાં આવેલ છે, અને આ મીટીંગમાં એસોસિએશનની વ્યાજબી માંગણીઓના અમલીકરણ અંગે આગળ જલદ પગલાં લેવા અંગેનો નિર્ણય લેવામાં આવશે.


## વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

**આકારણી શાખા**

**વર્ષ:૨૦૨૩-૨૪નાં આકારણી રજીસ્ટર પ્રસિધ્ધ કરવાની જાહેર નોટીસ**

વડોદરા મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ પશ્ચિમ ઝોનના હદ વિસ્તારમાં આવેલી તમામ રહેણાંક, બીન રહેણાંક, ઔદ્યોગીક એકમો સહિતની તમામ મિલકતોના સને ૨૦૨૩-૨૪નાં વર્ષના આકારણી રજીસ્ટર ધી ગુજરાત પ્રોવીન્સીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ-૧૯૪૯ના પરિશિષ્ટ 'ક' ના પ્રકરણ-૮ ના નિયમ ૯ તથા નિયમ ૧૩ થી ૧૬ મુજબ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

ક્ષેત્રફળ આધારિત આકારણી પધ્ધતિ મુજબ મિલકતનો સામાન્ય કર આકારવા અંગેના વિવિધ પરિબળો તેમજ શિક્ષણ ઉપકર, પાણી કર, તથા કન્ઝરવન્સી અને સુએઝ ટેક્ષ, ફાયર ટેક્ષ વિગેરેની વિગતો દર્શાવતા પશ્ચિમ ઝોનનાં (વોર્ડ નં. ૦૮, ૦૯, ૧૦, ૧૧ અને ૧૨) હદ વિસ્તારમાં આવેલી રહેણાંક, બીનરહેણાંક અને ઔદ્યોગિક એકમોની તમામ મિલકતોનાં સને ૨૦૨૩-૨૪નાં વર્ષના આકારણી રજીસ્ટર તા.૨૫-૦૮-૨૦૨૩ થી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ રજિસ્ટરમાં દાખલ કરેલી વિગતો અને નોંધો, કચેરીનાં કામકાજનાં દિવસોમાં સવારનાં ૧૦.૩૦ થી ૧.૦૦ તથા ૧.૩૦ થી સાંજનાં ૫.૦૦ કલાક સુધી સબંધિત વહીવટી વોર્ડની કચેરીમાં જેવા મળશે. આકારણી રજિસ્ટરમાં નોંધવામાં આવેલ વિગતો બાબતે જો કોઇ વાંધો હોય તો લેખિત વાંધા અરજી તા.૦૮-૦૯-૨૦૨૩ સુધીમાં નિયત કરેલા ફોર્મમાં કે સાદા કાગળમાં સંબંધિત વહીવટી વોર્ડ ની કચેરીમાં આપી તેની પહોંચ મેળવી લેવી અથવા તમારી નકલ ઉપર સહી સિક્કા કરાવી લેવાના રહેશે.

વાંધા અરજી અંગેનું ફોર્મ નિયત કિંમતે થી વોર્ડ કચેરી ખાતેથી મળી શકશે તેમજ અરજદાર સાદા કાગળ પર પણ વાંધા અરજી કરી શકશે.

સદર જાહેરાત સબંધિત વધુ વિગતો/જાણકારી/સમજ મેળવવા કચેરી નાં કામકાજ નાં સમયમાં સંબંધિત વહીવટી વોર્ડની કચેરીનો સંપર્ક કરવા તમામ કરદાતાઓને જણાવવામાં આવે છે.

પી.આર.ઓ.નં. ૭૦૦/૨૦૨૩-૨૪ મ્યુનિસિપલ કમિશનર

## પશ્ચિમ રેલવે-વડોદરા ડિવિઝન

**એન્જિનિયરિંગ વિભાગ**

ઈ-ટેન્ડર નોટિસ નંબર **DYCE-BR-BRC-14-2023**; ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બ્રિજ-લાઈન) વડોદરા, પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004; નીચે જણાવેલ કામો માટે ઈ-ટેન્ડર આવકારે છે.: **અ.નં. (1) ટેન્ડર નંબર અને કામનું નામ: DYCE-BR-BRC-14-2023, કામનું નામ:** "**વડોદરા ડિવિઝન:** વડોદરા ડિવિઝનના એસએસઈ/ બીઆર/ બીઆરસીના સેક્શનમાં BRCY, બ્રિજ ગોધરા ખાતે ટર્ન ટેબલનું પુનર્વસન અને વિવિધ બ્રિજ પર રક્ષણાત્મક પેઇન્ટિંગ તથા એસએસઈ(બી)બીએચ અને એસએસઈ(બી) બીઆરસી ના અધિકારક્ષેત્રમાં બ્રિજ નં.502, 452, 471 (અપ /ડાઉન), 520 (અપ /ડાઉન), 504A નું શિડ્યુલ પેન્ટીંગ". **કામનો અંદાજીત ખર્ચ:** ₹ 3,90,73,441.86 **જમા કરાવવાની બિડ સિક્યોરિટી:** ₹ 3,45,400.00 **ટેન્ડર જમા કરાવવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** ટેન્ડર તા. **22.09.2023** ના રોજ 15:00 ક્લાક પહેલાં જમા કરાવવા અને તે એ જ દિવસે 15:30 ક્લાકે ખોલાશે. **વેબસાઈટની વિગત અને નોટિસ બોર્ડનું સ્થળ જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગત જોઈ શકાશે અને ઓફિસનું સરનામું જ્યાંથી ટેન્ડર ફોર્મ ખરીદી શકાશે:** વેબસાઈટ @ **www.ireps.gov.in** ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બ્રિજ-લાઈન) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા - 390 004

W.65/1/01/DE-NIT/PB/BRC/2023-24 &
W.65/1/18/DE-NIT/PB/BRC/2022-23 159

અમને લાઇક કરો: facebook.com/WesternRly

## એમ. પી. એગ્રો ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ

રજી. ઓફીસ : ૯૨૪, નવમા માળે, ફોરચ્યૂન ટાવર, સયાજીગંજ, વડોદરા - ૩૯૦૦૦૫
વેબસાઈટ : www.mpagroindustries.in ઈ-મેઈલ : mpagroindustries@gmail.com,
ફોન નં. : 0265-2363280 સીઆઈએન : L24123GJ1975SGC106981

**જાહેર સૂચના**

એમ. પી. એગ્રો ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના સભ્યોની ૪૭મી વાર્ષિક સામાન્ય સભા ("એજીએમ")ની નોટિસ દ્વારા અહી સૂચના આપવામાં આવે છે કે તા.૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૩ને મંગળવાર, ૦૩:૦૦ વાગ્યે (આઈએસડી) વિડિઓ કોન્ફરન્સિંગ ("વીસી") / અન્યડિઓવિઝ્યુઅલ મીન્સ ("ઓએવીએમ") દ્વારા બોલાવવામાં આવી રહી છે. કંપની એક્ટ, ૨૦૧૩, સેબી (લિસ્ટિંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડિસ્કલોઝર જરૂરિયાતો) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ની જોગવાઈઓના પાલનમાં અને ૧૪/૨૦૨૦, ૧૭/૨૦૨૦, ૨૦/૨૦૨૦, ૦૨/૨૦૨૧, ૦૨/૨૦૨૨ અને ૧૦/૨૦૨૨ ના રોજ કોર્પોરેટ બાબતોના મંત્રાલયના પરિપત્રો ("એમસીએ") સાથે વાંચો.

કંપનીની ૪૭મી એજીએમની સૂચના સાથે વાર્ષિક અહેવાલ, કંપનીની વેબસાઈટ www.mpagroindustries.in પર ઉપલબ્ધ છે અને સીડીએસએલની વેબસાઈટ www.evotingindia.com પર અને બીએસઈ લિમિટેડની વેબસાઈટ www.bseindia.com પર પણ ઉપલબ્ધ રહેશે.

કંપનીના સભ્યો કે જેમણે શારીરિક સ્થિતિમાં શેર્સ રાખ્યા છે અથવા જેમણે કંપની સાથે પોતાનો ઈ-મેઈલ આઈડી નોંધાવ્યો નથી, તેઓ તા.૨૩મી સપ્ટેમ્બર, ૨૦૨૩ ના રોજ સવારે ૯:૦૦ (આઈએસટી) થી તા.૨૫મી સપ્ટેમ્બર, ૨૦૨૩ ના રોજ સાંજે ૫:૦૦ (આઈએસટી) વાગ્યાના સમયગાળા દરમ્યાન રિમોટ ઈ-વોટિંગ દ્વારા પોતાનો મત આપી શકે છે. અથવા વાર્ષિક સામાન્ય સભા દરમિયાન ઈ-વોટિંગ દ્વારા સીડીએસએલની વેબસાઈટ www.evotingindia.com પર લોગઈન કરીને એજીએમ દરમિયાન રિમોટ ઈ-વોટિંગ અને ઈ-મતદાન માટેની વિગતવાર પ્રક્રિયા ૪૭મી એજીએમની સૂચનામાં વર્ણવવામાં આવી છે.

ઈ-મેઈલ દ્વારા ભાવિ દસ્તાવેજો પ્રાપ્ત કરવા માટે ઈ-મેઈલ આઈડીની નોંધણી માટેની પ્રક્રિયા:

અ. ડિમટીરલાઈઝ્ડ મોડમાં શેર ધરાવતા સભ્યોને તેમના ઈ-મેઈલ આઈડી અને બેંક ખાતાની વિગતોની નોંધણી માટે તેમના ડિપોઝિટરી સહભાગી ("ડીપી") નો સંપર્ક કરવા વિનંતી છે.

બ. જે સભ્યો ફિઝીકલ શેર્સ ધરાવતા હોય તેમને વિનંતી છે કે કંપનીના રજીસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ, લિંક્સ ઈનટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડની વેબસાઈટ પર ઈ-મેઈલ આઈડી અને બેંક ખાતાની વિગતોની નોંધણી કરવા માટે નીચે દર્શાવેલ લીંક મારફતે દસ્તાવેજો અપલોડ કરવા https://www.linkintime.co.in/EmailReg/Email_Register.html.

બોર્ડના હુકમથી
એમ. પી. એગ્રો ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ વતી
(ઈશિતા કાપૂરે)
કંપની સેક્રેટરી

તારીખ : ૨૫મી ઑગસ્ટ, ૨૦૨૩
સ્થળ : વડોદરા

## મેક્સીમસ ઈન્ટરનેશનલ લિમિટેડ

MAXIMUS INTERNATIONAL

સીઆઈએન : L51900GJ2015PLC085474
રજી.કચેરી : ૫૦૪-એ, ઓઝોન,
ડૉ.વિક્રમ સારાભાઈ માર્ગ, વડી-વાડી,
વડોદરા-૩૯૦૦૦૩, ગુજરાત, ટેલી. નં.: (૦૨૬૫)૨૩૪૫૩૨૧
ઈમેઈલ: info@maximusinternational.in વેબસાઈટ: www.maximusinternational.in

**૮મી વાર્ષિક સાધારણ સભાના વીસી / ઓએવીએમ માધ્યમથી આયોજન તથા ઈ-વોટીંગ અંગે માહિતી**

૧ આથી શેરધારકોને જણાવવાનું કે મેક્સીમસ ઈન્ટરનેશનલ લિમિટેડ (કંપની)ની ૮મી વાર્ષિક સાધારણ સભા (એજીએમ) શનિવાર, તા.૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૩ ના રોજ બપોરે ૨:૩૦ કલાકે (આઈએસટી), વિડિયો કોન્ફરન્સિંગ (વીસી)/અન્ય ઓડિયો - વિઝ્યુઅલ સાધનો (ઓએવીએમ) મારફતે યોજવામાં આવેલ છે, કે જે કંપની એક્ટ, ૨૦૧૩ (ધી એક્ટ) અને તેના હેઠળ બનાવવામાં આવેલ તમામ નિયમો તેમજ ધી સેબિ(લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિકવાયરમેન્ટસ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫, તેમાં વખતો વખત કરવામાં આવેલા સુધારા, સામાન્ય પરિપત્ર નં. ૧૦/૨૦૨૨, તા.૨૮મી ડિસેમ્બર, ૨૦૨૨ અને અન્ય લાગુ પડતા પરિપત્રો, જો કોઈ હોય તો, કે જે કોર્પોરેટ બાબતોના મંત્રાલય (એમસીએ) દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવેલ છે અને સેબિના, ૫મી જાન્યુઆરી, ૨૦૨૩ ના પરિપત્રના સદર્ભે (જે હવે સામુહિક રીતે પરિપત્રો તરીકે ઓળખાશે), જેની જોગવાઈઓને અનુસરીને ૮મી વાર્ષિક સાધારણ સભા યોજવાની સૂચનામાં જણાવેલી સામાન્ય અને વિશેષ બાબતો હાથ ધરવા માટે કરવામાં આવ્યું છે.

૨. ઉપરોક્ત પરિપત્રોની સૂચનાઓનું પાલન કરતા, નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ના વાર્ષિક અહેવાલ સહિત એજીએમ યોજવાની સૂચના, એવા જ સદસ્યો જેમના ઈમેઈલ સરનામા કંપની/ડિપોજીટરી પાસે નોંધાયેલા છે. તેમને ફક્ત ઈલેક્ટ્રોનીક મોડથી જ મોકલવામાં આવશે. કંપનીના જે સદસ્યોએ ડિપોજીટરીમાં પોતાના ઈ-મેલ સરનામાની નોંધણી કરાવી નથી અથવા જેને અદ્યતન કરાવ્યા નથી તેમને, તેઓ જે ડિપોજીટરી પાર્ટીસીપન્ટસના માધ્યમથી તેમના ડિમેટ ખાતાનું સંચાલન કરે છે તેમના માધ્યમથી તેમના ઈમેઈલ સરનામા અને મોબાઈલ નંબરોની નોંધણી/અદ્યતન કરાવી લેવા જણાવવામાં આવે છે.

૩. કંપનીની વાર્ષિક સાધારણ સભા યોજવાની નોટીસ અને નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઈટ www.maximusinternationl.in પર, સ્ટોક એક્સચેન્જ એટલે કે બી.એસ.ઈ. લિમિટેડ (બીએસઈ)ની વેબસાઈટ www.bseindia.com પર, અને સેન્ટ્રલ ડિપોજીટરી સર્વિસીસ (ઈન્ડિયા) લીમીટેડ (સીડીએસએલ) જે રીમોટ ઈ-વોટીંગ, એજીએમમાં ઈ-વોટીંગની પ્રક્રિયા અને વીસી/ઓએવીએમ યોજવા માટે નિયુક્તિ કરવામાં આવેલી એજન્સી છે તેની વેબસાઈટ www.evotingindia.com પર ઉપલબ્ધ રહેશે.

૪. ઈ-વોટીંગ અને વાર્ષિક સાધારણ સભા વીસી/ઓએવીએમ માધ્યમ દ્વારા યોજવાની સૂચના:

i) સદસ્યો માત્ર વીસી/ઓએવીએમ સુવિધા હેઠળ જ એજીએમમાં હાજરી આપી શકશે અને ભાગ લઈ શકશે. જેની વિગતો કંપની દ્વારા એજીએમ યોજનાના સૂચના પત્રમાં આપવામાં આવશે, તે મુજબ, કંપનીની ૮મી વાર્ષિક સાધારણ સભામાં સદસ્યો માટે રૂબરૂમાં ઉપસ્થિત રહીને હાજરી આપવા અને ભાગ લેવાની કોઈ જોગવાઈ નથી. જે સદસ્યો વીસી/ઓએવીએમ દ્વારા બેઠકમાં ભાગ લઈ રહ્યા હશે, સંબંધિત કાયદાઓની લાગુ પડતી જોગવાઈઓ હેઠળ કોરમના હેતુસર તેમની હાજરીની નોંધ લેવામાં આવશે.

ii) એજીએમની સૂચનામાં બેઠકમાં હાથ ધરવાની જે બાબતો દર્શાવિલી છે, તેના સંદર્ભમાં સદસ્યોને, સીડીએસએલ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવેલી ઈલેક્ટ્રોનીક વોટીંગ સિસ્ટમના માધ્યમથી પોતાનો મત આપવાની તક મળશે.

iii) એજીએમની નોટીસમાં એવા સદસ્યો કે જેઓ ડિમેટ મોડમાં શેર ધરાવે છે અને એવા સદસ્યો જેમણે તેમના ઈ-મેઈલ સરનામાની નોંધ કરાવી નથી, તેઓ માટે રીમોટ વોટીંગ કરવાની પધ્ધતિની જાણકારી આપવામાં આવશે. આ વિગતો કંપનીની, બીએસઈની અને સીડીએસએલની વેબસાઈટ પર પણ ઉપલબ્ધ રહેશે.

iv) એજીએમ ખાતે પણ ઈ-વોટીંગની સુવિધા ઉપલબ્ધ રહેશે. માત્ર એવા શેરધારકો જેઓ એજીએમમાં વીસી/ઓએવીએમ સુવિધાના માધ્યમથી ઉપસ્થિત છે અને તેમણે એજીએમની સૂચનામાં દર્શાવિલી બેઠકમાં હાથ ધરાનારી બાબતો અંગે તેમનો મત રીમોટ ઈ-વોટીંગથી આપ્યો નથી અને તેઓ અન્ય કોઈ રીતે મતદાન માટે ગેરલાયક નથી, તેઓ એજીએમ દરમ્યાન ઉપલબ્ધ ઈ-વોટીંગ સિસ્ટમનાં ઉપયોગ કરીને મત આપવા માટે લાયક ગણાશે.

બોર્ડની સૂચનાથી,
મેક્સીમસ ઈન્ટરનેશનલ લિમિટેડ વતી
ધરતી ભાવસાર
કંપની સેક્રેટરી

તારીખ : ૨૪.૦૮.૨૦૨૩
સ્થળ : વડોદરા.

## ઓપ્ટીમસ ફાઈનાન્સ લિમિટેડ

OPTIMUS FINANCE

સીઆઈએન : L65910GJ1991PLC015044
રજી. કચેરી : ૫૦૪-એ, ઓઝોન,
ડૉ. વિક્રમ સારાભાઈ માર્ગ, વડી-વાડી,
વડોદરા - ૩૯૦૦૦૩. ફોન : ૦૨૬૫-૨૩૨૫૩૨૧
વેબસાઈટ : www.optimusfinance.in ઈમેઈલ : info@optimusfinance.in

**૩૨મી વાર્ષિક સાધારણ સભાના વીસી / ઓએવીએમ માધ્યમથી આયોજન તથા ઈ-વોટીંગ અંગે માહિતી**

૧ આથી શેરધારકોને જણાવવાનું કે ઓપ્ટીમસ ફાઈનાન્સ લિમિટેડ (કંપની)ની ૩૨મી વાર્ષિક સાધારણ સભા (એજીએમ) યોજવા માટેની નોટિસમાં જણાવાયેલી સામાન્ય અને વિશેષ કાર્યસૂચિના અમલ માટે કંપનીઝ એક્ટ, ૨૦૧૩ (ધી એક્ટ) અને એ અંતર્ગત બનાવાયેલા સંબંધિત નિયમોની બધી લાગુ પડતી જોગવાઈઓ તથા વખતોવખત સુધારાયેલા સેબિ (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિકવાયરમેન્ટસ) નિયમનો, ૨૦૧૫ (સેબિ લિસ્ટિંગ રેગ્યુલેશન્સ) ને, ૨૮ ડિસેમ્બર, ૨૦૨૨ના સામાન્ય પરિપત્ર નંબર ૧૦/૨૦૨૨ અને કોર્પોરેટ એફેર્સ મંત્રાલય (એમસીએ) દ્વારા વખતોવખત બહાર પડાયેલા અને સેબિના, ૫ જાન્યુઆરી, ૨૦૨૩ના પરિપત્રના સદર્ભે (જેનો સંયુક્ત પણે અહીં હવે પરિપત્રોરૂપે ઉલ્લેખ કરાયો છે), જો હોય તો, લાગુ પડતા અન્ય પરિપત્રોની સાથે વંચાણે લઈ, એના અનુસરણરૂપે, વિડિયો કોન્ફરન્સિંગ (વીસી)/અન્ય ઓડિયો - વિઝ્યુઅલ સાધનો (ઓએવીએમ) મારફતે શનિવાર, તા.૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૩ ના રોજ બપોરે ૪.૩૦ વાગ્યે (આઈએસટી) યોજાશે.

૨. ઉપરોક્ત પરિપત્રોની સૂચનાઓનું પાલન કરતા, નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ના વાર્ષિક અહેવાલ સહિત એજીએમ યોજવાની સૂચના, એવા જ સદસ્યો જેમના ઈમેઈલ સરનામા કંપની/ડિપોજીટરી પાસે નોંધાયેલા છે, તેમને ફક્ત ઈલેક્ટ્રોનીક મોડથી જ મોકલવામાં આવશે. જે સદસ્યો ડીમટીરીયલાઈઝ્ડ મોડમાં શેર ધરાવે છે, અને જેમને પોતાના ઈ-મેલ સરનામાની નોંધણી કરાવી નથી અથવા જેને અદ્યતન કરાવ્યા નથી તેમને, તેઓ જે ડિપોજીટરી પાર્ટીસીપન્ટસના માધ્યમથી તેમના ડિમેટ ખાતાનું સંચાલન કરે છે તેમના માધ્યમથી તેમના ઈમેઈલ સરનામા અને મોબાઈલ નંબરોની નોંધણી/અદ્યતન કરાવી લેવા જણાવવામાં આવે છે. ભૌતિક મોડમાં શેર ધરાવતા સભ્યો, જેમણે કંપનીમાં તેમના ઈમેઈલ સરનામાં નોંધાયેલા / અદ્યતન કર્યા નથી, તેમને કંપનીના રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ મેસર્સ લીંક ઈનટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ સાથે નોંધણી / અદ્યતન કરવા vadodara@linkintime.co.in. પર વિનંતી કરવામાં આવે છે. વૈકલ્પિક રીતે, સભ્યો નીચે જણાવેલી લીંક પર તેમનું ઈ-મેઈલ સરનામું, મોબાઈલ નંબર, પાન અને બેંક વિગતો અદ્યતન કરી શકે છે : https://www.linkintime.co.in/EmailReg/Email_Register.html

૩. કંપનીની વાર્ષિક સાધારણ સભા યોજવાની નોટીસ અને નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઈટ www.optimusfinance.in પર, સ્ટોક એક્સચેન્જ એટલે કે બી.એસ.ઈ. લિમિટેડ (બીએસઈ)ની વેબસાઈટ www.bseindia.com પર, અને સેન્ટ્રલ ડિપોજીટરી સર્વિસીસ (ઈન્ડિયા) લીમીટેડ (સીડીએસએલ) જે રીમોટ ઈ-વોટીંગ, એજીએમમાં ઈ-વોટીંગની પ્રક્રિયા અને વીસી/ઓએવીએમ યોજવા માટે નિયુક્તિ કરવામાં આવેલી એજન્સી છે તેની વેબસાઈટ www.evotingindia.com પર ઉપલબ્ધ રહેશે.

**૪. ઈ-વોટીંગ અને વાર્ષિક સાધારણ સભા વીસી/ઓએવીએમ માધ્યમ દ્વારા યોજવાની સૂચના:**

i) સદસ્યો માત્ર વીસી/ઓએવીએમ સુવિધા હેઠળ જ એજીએમમાં હાજરી આપી શકશે અને ભાગ લઈ શકશે. જેની વિગતો કંપની દ્વારા એજીએમ યોજનાના સૂચના પત્રમાં આપવામાં આવશે, તે મુજબ, કંપનીની ૩૨મી વાર્ષિક સાધારણ સભામાં સદસ્યો માટે રૂબરૂમાં ઉપસ્થિત રહીને હાજરી આપવા અને ભાગ લેવાની કોઈ જોગવાઈ નથી. જે સદસ્યો વીસી/ઓએવીએમ દ્વારા બેઠકમાં ભાગ લઈ રહ્યા હશે, સંબંધિત કાયદાઓની લાગુ પડતી જોગવાઈઓ હેઠળ કોરમના હેતુસર તેમની હાજરીની નોંધ લેવામાં આવશે.

ii) એજીએમની સૂચનામાં બેઠકમાં હાથ ધરવાની જે બાબતો દર્શાવિલી છે, તેના સંદર્ભમાં સદસ્યોને, સીડીએસએલ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવેલી ઈલેક્ટ્રોનીક વોટીંગ સિસ્ટમના માધ્યમથી પોતાનો મત આપવાની તક મળશે.

iii) એજીએમની નોટીસમાં એવા સદસ્યો કે જેઓ ડિમેટ મોડ, ભૌતિક મોડમાં શેર ધરાવે છે અને એવા સદસ્યો જેમણે તેમના ઈ-મેઈલ સરનામાની નોંધ કરાવી નથી, તેઓ માટે રીમોટ વોટીંગ કરવાની પધ્ધતિની જાણકારી આપવામાં આવશે. આ વિગતો કંપનીની, બીએસઈની અને સીડીએસએલની વેબસાઈટ પર પણ ઉપલબ્ધ રહેશે.

iv) એજીએમ ખાતે પણ ઈ-વોટીંગની સુવિધા ઉપલબ્ધ રહેશે. માત્ર એવા શેરધારકો જેઓ એજીએમમાં વીસી/ઓએવીએમ સુવિધાના માધ્યમથી ઉપસ્થિત છે અને તેમણે એજીએમની સૂચનામાં દર્શાવિલી બેઠકમાં હાથ ધરાનારી બાબતો અંગે તેમનો મત રીમોટ ઈ-વોટીંગથી આપ્યો નથી અને તેઓ અન્ય કોઈ રીતે મતદાન માટે ગેરલાયક નથી, તેઓ એજીએમ દરમ્યાન ઉપલબ્ધ ઈ-વોટીંગ સિસ્ટમનાં ઉપયોગ કરીને મત આપવા માટે લાયક ગણાશે.

બોર્ડ ઑફ ડાયરેક્ટર્સના આદેશથી
ઓપ્ટીમસ ફાઈનાન્સ લિમિટેડ વતી
દિવ્યા પ્રજાપતિ
કંપની સેક્રેટરી

તારીખ : ૨૪.૦૮.૨૦૨૩
સ્થળ : વડોદરા.

## Bandhan Bank

રીજનલ ઑફિસઃ નેતાજી માર્ગ, મીઠાખળી છ રસ્તા પાસે, એલિસબ્રિજ, અમદાવાદ-૬. ફોનઃ ૯૧-૭૯-૨૬૪૨૧૬૭૧-૭૫

**ભૌતિક કબજા અંગેની નોટિસ**

ધ સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઑફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઑફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩(૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાઓ, કે જેનો અર્થ ધ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૩ માં આપવામાં આવ્યો છે, તે સત્તાઓનો ઉપયોગ કરતાં નોટિસ આપવામાં આવે છે કે, અધિકૃત અધિકારીએ, અહીં જણાવેલાં ખાતાંનાં દેવાદારોને ડિમાન્ડ નોટિસ પાઠવી હતી અને તેમાં તે નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર, રકમ ભરપાઈ કરી દેવા માટે જણાવ્યું હતું. દેવાદાર આ રકમ ભરવામાં નિષ્ફળ ગયા હોવાથી, દેવાદાર અને જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર વ્યક્તિએ,ઉપરોક્ત ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૪) જેનો અર્થ ઉપરોક્ત ધારામાં નિયમ ૮ માં આપવામાં આવ્યો છે–તે મુજબ તે વ્યક્તિ (નીચે સહી કરનાર) ને મળેલી સત્તાનો ઉપયોગ કરીને, તેણે અહીં નીચે જે મિલકતનું વર્ણન આપવામાં આવ્યું છે, તે મિલકતનો ભૌતિક કબ્જો લઈ લીધો છે. આથી, ખાસ કરીને દેવાદાર અને જાહેર જનતાને ચેતવવામાં આવે છે કે તે મિલકત અંગે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં અને છતાં જો તે મિલકત અંગે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે અંગેની રકમ, વ્યાજ, ખર્ચ અને શુલ્ક બાબતે, બેંકને આધીન રહેશે. સિક્યોર્ડ એસેટ રીડીમ કરવા/પરત મેળવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભે કાયદાની કલમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈઓ તરફ કરજદાર/ગીરો મૂકનારનું ધ્યાન દોરવામાં આવે છે.

| દેવાદારનું નામ, લોન ખાતા નં. | મોર્ટગેજ મિલકતનું વર્ણન (સિક્યોર્ડ એસેટ) | ડિમાન્ડ નોટિસની તારીખ | ભૌતિક કબજા અંગેની નોટિસની તારીખ | ડિમાન્ડ નોટિસની તારીખ મુજબ બાકી રકમ |
|---|---|---|---|---|
| શ્રી સંજય અમરસિંગ રાજપૂત<br>શ્રીમતી શીતલબેન સંજય રાજપૂત<br>શ્રી અમરસિંગ સી. રાજપૂત<br>શ્રીમતી પુષ્પાબેન અમરસિંગ રાજપૂત<br>૨૦૦૦૩૦૧૦૦૧૦૭૫૦ | તમામ ચલ અને અચલ સંપત્તિ, જે જૂનો સર્વે નંબર ૬૮૮, બ્લોક નંબર ૪૯૦, ફ્લેટ નંબર એફ/૪૦૩, આર્ય એન્કલેવ, જૂનો અટલાદરા બિલ કેનાલ રોડ, મૌજે–બિલ, વડોદરા–૩૯૧૪૧૦ સ્થિત છે અને જે આવરિત છેઃ ઉત્તરઃ ખુલ્લી જગ્યા અને સામાન્ય દિવાલ, પૂર્વઃ ખુલ્લી જગ્યા અને ફ્લેટ નંબર ઈ/૪૦૨, પશ્ચિમઃ સામાન્ય લિફ્ટ અને ફ્લેટ નંબર એફ/૪૦૨, દક્ષિણઃ ફ્લેટ નંબર એફ/૪૦૪ | 30.03.૨૦૨૨ | ૨૦.૦૮.૨૦૨૩ | રૂ.૧૧,૧૪,૮૧૩/– 30.03.૨૦૨૨ ના રોજ<br>રૂ.૧૩,૦૮,૩૪૦.૭૧ ૨૩.૦૮.૨૦૨૩ ના રોજ |

સ્થળઃ વડોદરા
તારીખઃ ૨૫/૦૮/૨૦૨૩

અધિકૃત અધિકારી
બંધન બેંક લિમિટેડ